જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૧/૦૩/૨૦૨૧ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૫૮૮/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૩૦/૦૩/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૩૩૪	૨	૧૧૩૩૬	૧૭૪૫૪	૨	૧૭૪૫૬
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૫	૦	૪૭૦૫	૬૨૨૮	૦	૬૨૨૮
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૨	૧	૭૩	૨૭૮	૭	૨૮૫
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૩૧૦૩૩	૧૦૬	૩૧૧૩૯	૩૨૪૨૪	૧૦૬	૩૨૫૩૦
કુલ		૪૭૧૪૪	૧૦૯	૪૭૨૫૩	૫૬૩૮૪	૧૧૫	૫૬૪૯૯

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૯૧	૮,૮૬,૯૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૨૬	૬,૨૬,૦૦૦/-

પ્રોહીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પ્રોહીબીશન નો ગણનાપાત્ર ક્વોલીટી કેશ સોધી કાઢતી કૃષ્ણનગર પોલીસ સર્વેલન્સ ટીમ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી " જી " ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પો.ઇન્સ **એ.જે.ચૌહાણ** નાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કોર્ડ ના **એ.એસ.આઇ અશ્વીનભાઇ રામજીભાઇ બ.નં-૧૩૪૭૨** તથા સાથેનો સ્ટાફ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી-જુગાર ની ડ્રાઇવ અનુસંધાને પ્રોહી/જુગારની પ્રવૃત્તી ની શોધ-ખોળ સારૂ તથા કોરાના વાયરસની વૈશ્વીક મહામારીને લઇને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તેમજ કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે સારૂ તા.૩૧/૦૩/૨૦૨૧ ના રોજ રાતના ક.૦૦/૦૦ થી નાઇટ રાઉન્ડ દરમ્યાન પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા ક.૦૪/૪૫ વાગે શિવમ સિનેમા પાસે સર્વીસ રોડ ઉપર આવતા સાથેના **લોકરક્ષક વિક્રમસિંહ મહેન્દ્રસિંહ બ.નં-૧૦૯૫** નાઓને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે " **વસંતનગરના છાપરા શિવમ સિનેમા ની ગલીની અંદર શ્રી ગણેશ મંદિર ની પાસે એક સિલ્વર કલરની ટાટા ઇન્ડીગો I.C.S ફોર વ્હીલર ગાડી નં-GJ-02-BD-6685 માં કેટલોક ઇંગ્લીસ દારૂનો જથ્થો પડેલ છે અને તે ગાડીની પાસે બે ઇસમો કે જેમાં ઇસમે ગુલાબી કલરની ગોળ ગળા વાડી ટી શર્ટ તથા બ્લ્યુ કલરનુ જીન્ટ પેન્ટ તથા બીજા ઇસમે કાળા કલરની પીળા પટ્ટા વાળી ટી શર્ટ તથા મહેન્દી કલરનુ ટ્રેક પહેરેલ છે તે બન્ને ઇસમો ઉભા હોય જેઓ થોડીવારમાં સદરી ગાડીમાંથી ઇંગ્લીસ દારૂનો જથ્થો ઉતારી સગે વગે કરવાની ફિરાકમાં છે** " વિગેરે હકિકત આધારે સદરી જગ્યાએ એ.એસ.આઇ અશ્વીનભાઇ રામજીભાઇ બ.નં-૧૩૪૭૨ નાઓએ સાથેના સ્ટાફના માણસો મારફતે પંચોને સાથે રવાના થયેલ ઉપરોકત હકિકત મુજબ સદરી જગ્યાએ રેઇડ કરી સદરી જગ્યાએથી બે આરોપીઓને ભારતીય બનાવટનો ઇંગ્લીસ દારૂનો જથ્થો નાની-મોટી બોટલો તેમજ બિયર કુલ્લે બોટલ નંગ-૨૪૨ કુલ્લે કિ.રૂ.૪૦,૧૦૦/-નો ઇન્ડીગો ગાડી નં-GJ-02-BD-6685 ની અંદરથી ઉતારતા ઇન્ડીગો ગાડી નં-GJ-02-BD-6685 ની કિ.રૂ.૨,૦૦,૦૦૦/-તથા મો.ફોન કિ.રૂ.૧૦,૦૦૦/-તથા એક આર.સી.બુક ની ઝેરોક્ષ નકલ કિ.રૂ.૦૦/૦૦ મળી કુલ્લે કિ.રૂ.૨,૫૦,૧૦૦/-ના મુદ્દામાલ સાથે રેઇડ દરમ્યાન ક.૦૭/૫૦ વાગે પકડી પાડી પ્રોહીબીશન નો **ગણનાપાત્ર ક્વોલીટી** કેશ સોધી કાઢી અન્ય નહી મળી આવેલ આરોપી અમરદિપ ઉર્ફે દિપક ચંદુભાઇ ડામોર રહે,ઉમંગ ટેનામેન્ટ હિરાવાડી રોડ બાપુનગર અમદાવાદ શહેર નાની વિરૂધ્ધમાં વધુ તપાસ જારી રાખી સારી કામગીરી કરેલ છે તા.૩૧/૦૩/૨૦૨૧

આરોપીઓનુ નામ:-

(૧)મહેશભાઇ સ/ઓ ઇશ્વરભાઇ મૂળાજી જાતે ઠાકોર ઉ.વ.૨૦ રહે,મ.નં-૨૫૮,ઉમંગ ટેનામેન્ટ બળદેવભાઇ રબારીના મકાનમાં ભાડેથી હિરાવાડી રોડ બાપુનગર અમદાવાદ શહેર મૂળ વતન ગામ-મોટા ભીલડા તા.દાતીવાડા જીલ્લો-બનાસકાંઠા તથા નં-(૨)રાજુભાઇ સ/ઓ ભીખાભાઇ રતીલાલ જાતે પરમાર ઉ.વ.૩૬ રહે,વસંતનગરના છાપરા શિવમ સિનેમા પાછળ ઠક્કરનગર કૃષ્ણનગર અમદાવાદ શહેર મૂળ વતન ગામ-બરાસર તા.કડી જીલ્લો-મહેસાણા તથા (વોન્ટેડ) આરોપી- અમરદિપ ઉર્ફે દિપક ચંદુભાઇ ડામોર રહે,ઉમંગ ટેનામેન્ટ હિરાવાડી રોડ બાપુનગર અમદાવાદ શહેર

મુદ્દામાલ :

ભારતીય બનાવટનો ઇંગ્લીસ દારૂનો જથ્થો તથા બિયર નો જથ્થો જેમાં અલગ-અલગ બ્રાન્ડ ની ૭૫૦ M.L.બોટલો નંગ-૨૪ કિ.રૂ.૧૨,૦૦૦/-તથા ૧૮૦ M.L.ના નાના ક્વાર્ટર્સ નંગ-૧૨૬ કુલ્લે કિ.રૂ.૧૮,૯૦૦/-તથા બિયર નંગ-૯૨ કુલ્લે કિ.રૂ.૯,૨૦૦/-તથા ઇન્ડીગો ગાડી કિ.રૂ.૨,૦૦,૦૦૦/-તથા મો.ફોન કિ.રૂ.૧૦,૦૦૦/-તથા એક આર.સી.બુક ની ઝેરોક્ષ નકલ કિ.રૂ.૦૦/૦૦ સાથે મળી કુલ્લે કિ.રૂ.૨,૫૦,૧૦૦/-ના મુદ્દામાલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

એ.એસ.આઇ અશ્વીનભાઇ રામજીભાઇ બ.નં-૧૩૪૭૨ તથા ફરિયાદ આપનાર લોકરક્ષક વિક્રમસિંહ મહેન્દ્રસિંહ બ.નં-૧૦૯૫ તથા અ.પો.કોન્સ જયરાજસિંહ નરેન્દ્રસિંહ બ.નં-૧૦૪૦૨ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં.૧૧૮૦૨ તથા લોકરક્ષક લાલાભાઇ દેવાભાઇ બ.નં-૪૮૩ તથા લોકરક્ષક સતીષકુમાર જયંતીભાઇ બ.ન.૫૩૧







નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૮૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૩ કેસ કરી, ૬૩ વ્યક્તિઓને ઝડપી, ૧૬૯ લીટર દેશી દારૂ, ૧૫૩ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૪૪ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી, ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૦,૧૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૯૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ
આરોપીએ કોર્ટમાં હાજર થવાનું ફરમાન : **સમાચાર યાદી નં.૫૯૧/૨૦૨૧**

રખિયાલ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૨૩/૨૦૦૨ ઇપીકો કલમ ૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૪૩૫,૪૩૬, ૪૨૭,૧૮૪,૧૮૬,૩૦૨,૩૦૭ મુજબના સેસન્સ કેસ નં.૨૧૬૮/૨૦૦૨ મુજબના કામે આરોપી મોહમંદ અનિષ ઉર્ફે ગાંડો સ/ઓ અબ્દુલ રસીદ અંસારી (રહે. ૫૩/૧૮૯ ગુજરાત હાઉસીંગ બોર્ડ લોખંડવાળાની ચાલી સાથે રખિયાલ અમદાવાદ) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નામદાર જજ શ્રી વી.ડી.મોઢ સાહેબ, એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ, કોર્ટ નં.૧૦, છઠ્ઠો માળ ધીકાંટા અમદાવાદ શહેર સમક્ષ તા.૦૧/૦૪/૨૦૨૧ નારોજ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૫૯૨/૨૦૨૧**

દાણીલીમડાઃ સરફરાજ ઇસ્માઇલભાઇ પટેલ (રહે. શક્તિ સોસાયટી ગેટ નંબર-૧ દાણીલીમડા) એ તા.૩૦/૦૩/૨૦૨૧ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૩/૨૦૨૧ રાતના ૯/૦૦ થી તા.૨૮/૦૩/૨૦૨૧ કલાક ૯/૩૦ વાગ્યા દરમ્યાન દાણીલીમડા પટેલના મેદાન ખાતે આવેલ લોખંડવાલા કોમ્પ્લેક્ષમાં દુકાન નંબર-૫ સોફ્યા મોબાઇલ નામની દુકાનના તાળા ડુપ્લીકેટ ચાવીથી ખોલી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનના ડ્રોઅરમાથી રોકડ રૂપિયા ૧,૭૫,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.પી.ગરાસીયા ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૫૯૩/૨૦૨૧**

ગાયકવાડ હવેલીઃ એજાજ સ/ઓ અહેસાન અંસારી (ઉ.વ.૪૩) (રહે.ઉજમા પાર્ક અંદાણી સ્કુલ પાસે સરખેજ રોડ મકરબા સરખેજ) એ તા.૩૦/૦૩/૨૦૨૧ ના રોજ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૩/૨૦૨૧ સવારના ૮/૦૦ વાગ્યાના સુમારે કાલુપુરથી પાડોશીની રિક્ષામાં બેસી પોતાના ઘરે જતા હતા ત્યારે વસંત રજબ જમાલપુરબ્રીજના છેડે શાકભાજી લેવા રિક્ષા ઉભી રખાવી એજાજ અંસારીના પત્ની પાસેનુ પર્સ એજાજ અંસારીને આપી શાકભાજી લેવા ગયા હતા, દરમ્યાન એજાજ અંસારી પર્સ રિક્ષામાં સીટ ઉપર મુકી તેમના પત્નીને રિક્ષા બાજુ બોલાવતા હતા ત્યારે રિક્ષામાંથી અજાણી વ્યક્તિ પર્સ ચોરી કરી લઈ ગઈ હતી. જે પર્સમાં રોકડ રૂપિયા ૮૦,૦૦૦/- હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એલ.પટેલ ચલાવે છે.

પાલડીઃ જાવેદ યાસીનભાઇ મન્સુરી (રહે. ઇન્દ્રપુરી ટાઉનશીપ ચાર માળીયા ત્રીકમપુરા પાટીયા જશોદાનગર) એ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૦૩/૨૦૨૧ બપોરના ૨/૧૫ વાગ્યાના સુમારે જાવેદ મન્સુરી પાલડી ભઠ્ઠા હીરલ સોપીંગ સેન્ટર બહાર ફુટપાથ પર પોતાનુ મોટર સાયકલ પાર્ક કરી ભોયરામાં પાર્સલ આપવા ગયા હતા ત્યારે મોટર સાયકલના હુકમાં ભરાવેલ થેલો અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ હતી. જે થેલામાં સિગારેટના પેકેટ તથા પાન વિલાસ, પાન મસાલાના પેકેટ મળી આશરે કિમત રૂપિયા ૫૦,૦૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ વુ.મ.સ.ઇ.શ્રી નીલાબહેન રાજેશકુમાર ચલાવે છે.

સોનની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૫૯૪/૨૦૨૧**

બાપુનગરઃ શૈલેષભાઈ ગણપતભાઈ પટેલ (ઉ.વ.૪૧) (રહે, વંદનાપાર્ક રો-હાઉસ સોસાયટી વિભાગ-૨ શિલ્પા મેડીકલનો ખાંચો હિરાવાડી રોડ કૃષ્ણનગર) તા.૩૦/૦૩/૨૦૨૧ સવારના ૬/૦૦ વાગ્યાના સુમારે બાપુનગર હિરાવાડી રોડ સાવલિયા સ્ટુડીયો આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ શૈલેષભાઈ પટેલના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૬૧,૦૦૦/- ખેચી તોડી ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ શૈલેષભાઈ પટેલે બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી નટવરસિંહ કાવાજી ચલાવે છે.

ટ્રેઈનની અડફેટમાં આવી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૫૯૫/૨૦૨૧**

રાણીપઃ દેવુબહેન વા/ઓ નાગજીભાઈ ભરવાડ (ઉ.વ.૫૫) (રહે. ભરવાડવાસ ભાવના રો-હાઉસ સામે રાણીપ) તા.૨૯/૦૩/૨૦૨૧ રાતના ૧૦/૦૦ થી તા.૩૦/૦૩/૨૦૨૧ સવારના ૬/૩૦ વાગ્યા દરમ્યાન રાણીપ બલોલનગર બ્રિજથી જી.એસ.ટી.ફાટકના રેલ્વે ટ્રેકના થાંભલા નં.૫૦૩/૨૮ નજીક ટ્રેઈનની અડફેટે આવી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રાવજીભાઈ ભીમાજી ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૫૯૬/૨૦૨૧**

ખાડીયાઃ ધ્રુવ દુષ્યંતભાઈ દેસાઈ (ઉ.વ.૨૦) (રહે કણભાવાડી ખડકી સામે મહાદેવ ચોક ઢાળની પોળ આસ્ટોડીયા) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૩/૨૦૨૧ બપોરના ૩/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતની ગડર સાથે લગાવેલ હુકમાં રસ્સો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ખાડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.કે.ગોસ્વામી ચલાવે છે.

વાસણાઃ વર્ષાબહેન ડો/ઓ પવનભાઇ જોગી (ઉ.વ.૧૭) (રહે. શ્રીઓમનગર ગલી નંબર-૪ વાસણા) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૩/૨૦૨૧ સાજના ૭/૧૫ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે પંખાના હુકમાં મફલર બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.પો.સ.ઇ.શ્રી એસ.બી.ચૌધરી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી